અપીલ અરજી નં.૩૧૮ તા.૩૧–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી (૧) કાર્યપાલક ઈજનેરશ્રી, સાઉથઝોન તા.૧૯–૯–૦૯. (૨) શહેર વિકાસ અધિકારી શ્રી સાવન પટેલ, સાઉથઝોન. તા.૩–૧૦–૦૯.(૩) મ્યુ.કમિશ્નરશ્રી અને વિજીલન્સ ડીપાર્ટમેન્ટ તા.૧૩–૧૧–૦૯ અને અન્ય અરજીઓ, મ્યુ.કમિશ્નર અને વિજીલન્સ ડીપાર્ટમેન્ટ તા.૧૩–૧૧–૦૯ ની બે અરજી. ડે.કમિશ્નર (પ અને ઈ)શ્રી સી.જે.ગામીત તા.૨૯–૧૦–૦૯ થી કરેલ અરજી ગુજરાત શોપીંગ સેન્ટર અમરોલીની માર્જીનવાળી જગ્યામાં ગેરકાયદેસર બાંધકામ બાબત. સદર તમામ અરજીઓમાં કોઈ પ્રકારના બાંધકામ માટે પરવાના આપેલ નથી તેમજ ગેરકાયદે હોવાનું આપના તરફથી (માંગેલ) માહિતીમાં જણાવેલ. તમામ અરજીઓ બાબતે શું શું કાર્યવાહી થયેલ છે તથા ન થઈ શકી હોયતો તેનાં ઠોસ કારતો સહિતની વિગતે પુરી માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩૧–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૧૮/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી (૧) કાર્યપાલક ઈજનેરશ્રી , સાઉથઝોન તા.૧૯–૯–૦૯. (૨) શહેર વિકાસ અધિકારી શ્રી સાવન પટેલ સાઉથ ઝોન . તા.૩–૧૦–૦૯.(૩) મ્યુ.કમિશ્નરશ્રી અને વિજીલન્સ ડીપાર્ટમેન્ટ તા.૧૩–૧૧–૦૯ અને અન્ય અરજીઓ, મ્યુ.કમિશ્નર અને વિજીલન્સ ડીપાર્ટમેન્ટ તા.૧૩–૧૧–૦૯ ની બે અરજી. ડે.કમિશ્નર (પ અને ઈ)શ્રી સી.જે.ગામીત તા.૨૯–૧૦–૦૯ થી કરેલ અરજી ગુજરાત શોપીંગ સેન્ટર અમરોલીની માર્જીનવાળી જગ્યામાં ગેરકાયદેસર બાંધકામ બાબત. સદર તમામ અરજીઓમાં કોઈ પ્રકારના બાંધકામ માટે પરવાના આપેલ નથી તેમજ ગેરકાયદે હોવાનું આપના તરફથી (માંગેલ) માહિતીમાં જણાવેલ. તમામ અરજીઓ બાબતે શું શું કાર્યવાહી થયેલ છે તથા ન થઈ શકી હોય તો તેનાં ઠોસ કારતો સહિતની વિગતે પુરી માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૫૪૦૦ તા.૧૧–૧૨–૦૯ થી આપેલ માહિતી ગોળગોળ આપેલ તથા ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી માહિતી આપાવામાં આવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૨૪ તા.૭–૧–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) અને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/આ.નં.૧૭ તા.૨૨–૧–૧૦ થી અત્ર ના વિભાગથી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારનો તો૧૯–૯–૦૯ ના પત્રની, તા.૩–૧૦–૦૯ ના પત્રની, તા.૧૩–૧૧–૦૯ ના પત્રની, તા.૨૯–૧૦–૦૯ ના પત્રની નકલ રજૂ કેરલ છે. જાહેર માહિતી અધિકારી સા.ઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૫૨૫૩ તા.૫–૧૨–૦૯ થી કતારગામઝોનને તબદીલ કર્યાની પત્રની નકલ, તથા અરજદારને આપેલ માહિતીના પત્ર નં.સા.ઝોન/ટેક/૫૪૦૦ તા.૧૧–૧૨–૦૯ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે. જયારે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધંકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૧૭૫ તા.૧૬–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળ ેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, ઉધનાઝોન તરફથી તા.૫–૧૨–૦૯ ના રોજ તબદીલ કરેલા પત્રની નકલ, અરજદારની તા.૧૯–૯–૦૯ ના પત્રની નકલ, તા.૩–૧૦–૦૯ ના પત્રની નકલ, તા.૧૩–૧૧–૦૯ ના પત્રની નકલ, તા.૨૯–૧૦–૦૯ ના પત્રની નકલ તથા કતારગામઝોન તરફથી અરજદારને આપેલ નોર્થઝોન/આ.નં.૭૧૩૦ તા.૧૩–૧–૧૦ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૪–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયે અરજદારે સુરત મહાનગરપાલિકામાં તા.૧૯–૯–૦૯ તા.૩–૧૦–૦૯, તા.૨૯–૧૦–૦૯ અને તા.૧૩–૧૧–૦૯ ના રોજ કરેલી અરજીઓની કાર્યવાહીની માહિતી અંગે માંગણી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ થી ૩ સિવાયની માહિતી બાબતે પત્ર નં.સા.ઝોન/ટેક/૫૨૫૩ તા.૫–૧૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જયારે બાકીની માહિતી અંગે આઈ ડી. નં.૪૨૨ તા.૨૪–૧૧–૦૯ ના અનુસંધાનમાં જણાવેલ છે કે અગાઉ આપને પાઠવવામાં આવેલી વિગતો ઉપરાંત વધુ વિગતો કચેરીએ ઉપલબ્ધ નથી જેથી વધારાની માહિતી આપવાની રહેતી નથી. તેવી માહિતીજાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૩૧–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરી અપીલ મુદ્દા નં.૧ અપીલ અરજીમાં આપેલ જવાબ ગોળ ગોળ છે

કાર્યવાહી નથી થઈ તો તેના કારણો જણાવેલ નથી. આરટીઆઈ એકટ ની કલમ ૪(૧)સી અને ડી ની જોગવાઈઓ ધ્યાને લેતાં જાહેરજનતાને અસરકર્તા નિર્ણયો કે મહત્વની નીતિ જાહેર કરતી વેળાં નિર્ણયની વિગતો જાહેર કરવાની તથા અસરકર્તા લોકોને વહિવટી અને અર્ધન્યાયિક નિર્ણયોના કારણો આપવાની જોગવાઈ ધ્યાને લેતાં ઉપલબ્ધ દફતરેથી માહિતી આપી શકાય તથા આનુષાંગિક હકીકત જાહેર કરવાનું રહે છે.

જયારે અપીલ મુદ્દા નં.ર સા.ઝોન/ટેક./આ.નં.પરપ૩ તા.પ–૧ર–૦૯ /ધ્વારા નોર્થઝોનમાં તબદીલ કરેલ છે તેની માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે કાર્યપાલક ઈજનેર અનેમ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૧૩૦ તા.૧૩–૧–૧૦ થી અરજદારને "મોજે અમરોલી ખાતે ગુજરાત શોપીંગ સેન્ટરની માર્જીનવાળી જગ્યામાં બનાવવામાં આવેલ પતરાંતો શેડ ઘણા વર્ષો જુનો હોય આ પ્રકારના "પ્રોજેકશન શેડ" વિગેરે દુર કરવાની કામગીરી હાથ ધરાશે તેની સાથે પાયોરીટી પ્રમાણે દુર કરવામાં આવશે. "તેવી માહિતી પૂરી પાડેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી આરટીઆઈ કાયદાની કલમ–૪ (૧)(સી) અને (ડી) ની જોગવાઈઓ અનુસારની માહિતી પૂરી પડાયેલ ન હોઈ જે પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)અને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે

(ર) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,